# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## જા.ક્ર.: ૩૮૭/૨૦૨૫૨૬,

## સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર(ઈલેકટ્રીકલ ગ્રૂપ), વર્ગ–૩, સંવર્ગ

## (દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી ઝુંબેશ)

## "ફાઈનલ આન્સર કી" (F.A.K.) પ્રસિદ્ધ કરવા અંગેની અગત્યની સૂચના

સરકારશ્રીના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી (તાલીમ પાંખ) હસ્તકની સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર (ઈલેકટ્રીકલ ગ્રૂપ), વર્ગ–૩ સંવર્ગની કુલ–૪૯ જગ્યા માટે મંડળ દ્વારા દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી ઝુંબેશ **(S.R.D.)** અંતર્ગત પ્રસિદ્ધ કરાયેલ જા.ક્ર.:૩૮૭/૨૦૨૫૨૬ અન્વયે તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવેલ હતી.

આ પરીક્ષામાં **Part - A** માં ૯૦ પ્રશ્નો અને **Part - B** માં ૧૨૦ પ્રશ્નો મળીને કુલ–૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવેલ હતા. જેની પ્રોવિઝનલ આન્સર કી **(PAK)** તા.૨૨/૦૭/૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી.

સદર પ્રોવિઝનલ આન્સર કી **(PAK)** સામે ઉમેદવારો દ્વારા ઓનલાઈન વાંધા સૂચનો રજુ કરવામાં આવેલ ન હતા.પરંતુ મંડળ દ્વારા તમામ ૨૧૦ પ્રશ્નોની વિષય નિષ્ણાંતશ્રીઓ પાસેથી કરાવાયેલ પુન:ચકાસણી અન્વયે ઉમેદવારોના વિશાળ હિતને ધ્યાને લઈને **Part – B** માં ૦૧ પ્રશ્નના જવાબમાં સુધારો કરવામાં આવે છે. આમ, **Part – B** ના કુલ–૦૧ પ્રશ્નની વિગતો નીચે મુજબ છે.

| **Part – B** | | | |
|---|---|---|---|
| **Sr. No.** | **Question No.** | **Question ID** | **Remarks** |
| 1 | 156 | 441009849243 | Answer key is changed to Option Id 4410093349798 |

ઉપરોક્ત સુધારા અન્વયે ઉમેદવારોને **Part - A** માં કુલ–૯૦ પ્રશ્નો માટે કુલ–૯૦ માર્કસ મુજબ પ્રતિ પ્રશ્નના સાચા જવાબ માટે **+1.0** માર્કસ ગણવામાં આવશે અને પ્રત્યેક ખોટા જવાબ માટે **-0.25** માર્કસ કાપવામાં આવશે.

જ્યારે **Part - B** માં કુલ ૧૨૦ પ્રશ્નો માટે કુલ–૧૨૦ માર્કસ મુજબ પ્રતિ પ્રશ્નના સાચા જવાબ માટે **+1.0** માર્કસ ગણવામાં આવશે અને પ્રત્યેક ખોટા જવાબ માટે **-0.25** માર્કસ કાપવામાં આવશે. જેની સંબંધિત ઉમેદવારોને નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

**સ્થળ: ગાંધીનગર** — **સચિવ**

**તારીખ:૦૩/૦૯/૨૦૨૬** — **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**